# પ્રસાર ભારતી

## સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date: 04-04-2025** **Morning: 7.45 TO 7.55**
**Day :FRIDAY** **National News**

### આકાશવાણી સમાચાર **રૂપલ જાની** વાંચે છે.

****************************************************

1) સંસદમાં વક્ફ સુધારા વિધેયક, 2025 અને એરક્રાફ્ટ ઑબ્જેક્ટ્સમાં હિતનું રક્ષણ વિધેયક, પસાર 2025.
2) મણિપુરમાં રાષ્ટ્રપતિ શાસન લાદવાના બંધારણીય ઠરાવને સંસદની મંજૂરી
3) પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી આજે થાઇલેન્ડમાં BIMSTECની છઠ્ઠી શિખર પરિષદમાં ઉપસ્થિત રહેશે.
4) અમેરિકન પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પની નવા ટેરિફની જાહેરાત કર્યા બાદ વૈશ્વિક શેરબજારમાં ઘટાડો
5) IPL ક્રિકેટમાં, કોલકાતા નાઈટ રાઈડર્સે સનરાઈઝર્સ હૈદરાબાદને 80 રનથી હરાવ્યું

******************************************************

(ન્યૂઝ બ્રેક – આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો)

(સમાચારને અંતે – આકાશવાણી પરથી સમાચાર પૂરા થયા)

# WAQF BILL

વક્ફ સુધારા વિધેયક, 2025 સંસદમાં પસાર થયું છે. રાજ્યસભાએ આ વિધેયકને મંજૂરી આપી છે. વિધેયક પર 12 કલાક જેટલી ચર્ચા ચાલી હતી. દરમિયાન સુધારા વિધેયકના પક્ષમાં 128 સભ્યોએ અને 95 સભ્યોએ વિરોધમાં મતદાન કર્યું હતું. રાજ્યસભામાં આ વિધેયક રજૂ કરતા લઘુમતી બાબતોના મંત્રી કિરેન રિજિજુએ જણાવ્યું, આ વિધેયક સૌનો સાથ, સૌનો વિકાસનાં સૂત્રને સાર્થક કરે છે.

(બાઈટ---કિરેન રિજિજુ )

સાથે જ આ વિધેયક પરની ચર્ચાનો જવાબ આપતા, શ્રી રિજિજુએ કહ્યું, સંયુક્ત સંસદીય સમિતિમાં બધા સભ્યોના સૂચનો પર વિચાર કરાયો અને તેમને વિધેયકમાં સમાવિષ્ટ કરાયાં હતા. વિપક્ષના આરોપોને નકારી કાઢતા તેમણે કહ્યું કે વકફથી ફક્ત મુસ્લિમ સમુદાયને જ ફાયદો થશે અને વકફ મિલકતોના સંચાલનમાં કોઈ પણ બિન-મુસ્લિમનો હસ્તક્ષેપ રહેશે નહીં.

. . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . .

# LS-AIRCRAFT-OBJECTS-BILL

સંસદે એરક્રાફ્ટ ઓબ્જેક્ટ્સમાં હિતનું રક્ષણ વિધેયક, 2025 પસાર કર્યું છે. ગઈકાલે લોકસભાએ તેને મંજૂરી આપી હતી. રાજ્યસભાએ આ વિધેયક પહેલા જ પસાર કરી દીધું છે. આ વિધેયક વિમાન અંગેના વસ્તુ વિષય માં હિતોનું રક્ષણ કરવાની જોગવાઈ કરવાનો પ્રયાસ કરે છે. તે મોબાઇલ સાધનોમાં આંતરરાષ્ટ્રીય હિતોના સંમેલન અને વિમાન સાધનો માટે વિશિષ્ટ બાબતો પર મોબાઇલ ઉપકરણોમાં આંતરરાષ્ટ્રીય હિતોના સંમેલનના પ્રોટોકોલને અમલમાં મૂકવાનો પણ પ્રયાસ કરે છે, જે દરેક 2001 માં કેપટાઉનમાં હસ્તાક્ષરિત થયા હતા. સંમેલન અને પ્રોટોકોલનો ઉદ્દેશ્ય વિમાન, હેલિકોપ્ટર અને એન્જિન જેવી ઉચ્ચ-મૂલ્યની સંપત્તિઓ માટે અધિકારો સુરક્ષિત કરવામાં એકરૂપતા લાવવાનો છે. આ વિધેયક કેન્દ્ર સરકારને સંમેલન અને પ્રોટોકોલની જોગવાઈઓને અમલમાં મૂકવા માટે નિયમો બનાવવાની સત્તા આપે છે. આ બિલ સંમેલનના હેતુઓ માટે નાગરિક ઉડ્ડયન મહાનિર્દેશાલયને રજિસ્ટ્રી ઓથોરિટી તરીકે નિયુક્ત કરે છે. રજિસ્ટ્રી ઓથોરિટી વિમાનોની નોંધણી અને નોંધણી રદ કરવા માટે જવાબદાર છે.

વિધેયક પરની ચર્ચાનો જવાબ આપતા, નાગરિક ઉડ્ડયન મંત્રી કે રામમોહન નાયડુએ જણાવ્યું હતું કે 2014 સુધી, કુલ હવાઈ મુસાફરોનો ટ્રાફિક ફક્ત 10 કરોડ 40 લાખ હતો જે નરેન્દ્ર મોદી સરકાર દરમિયાન છેલ્લા દસ વર્ષમાં બમણો થયો છે.. તેમણે કહ્યું કે, વિધેયક લાવવા પાછળનો ઉદ્દેશ્ય હવાઈ ભાડાને પ્રાદેશિક બનાવવાનો અને વિમાન કાફલાને વધારવાનો છે.

. . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . .

# PARLIAMENT-RESOLUTION-MANIPUR

સંસદે મણિપુરમાં રાષ્ટ્રપતિ શાસન લાદવાની પુષ્ટિ કરતા બંધારણીય ઠરાવને મંજૂરી આપી છે. રાજ્યસભાએ તેને મંજૂરી આપી. આ દરખાસ્ત આ વર્ષે ૧૩ ફેબ્રુઆરીએ બંધારણની કલમ ૩૫૬ (૧) હેઠળ મણિપુરમાં રાષ્ટ્રપતિ શાસનની ઘોષણા સાથે સંબંધિત છે. લોકસભાએ તેને પહેલાથી જ મંજૂરી આપી દીધી છે.

પ્રસ્તાવ પરની ચર્ચાનો જવાબ આપતા કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહે કહ્યું કે ગયા વર્ષે નવેમ્બરથી મણિપુરમાં કોઈ હિંસાના સમાચાર નથી.

(Byte -અમિત શાહ)

. . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . .

# PM-THAILAND-1

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી આજે થાઇલેન્ડના બેંગકોકમાં BIMSTEC ના છઠ્ઠી શિખર પરિષદમાં હાજરી આપશે. બેંગકોકમાં BIMSTEC એટલે કે બે ઓફ બંગાળ ઇનિશિયેટિવ ફોર મલ્ટી સેક્ટરલ ટેકનિકલ એન્ડ ઇકોનોમિક કોઓપરેશન પરિષદનો વિષય BIMSTEC - સમૃદ્ધ, સ્થિતિસ્થાપક અને સમાવેશી છે. સમિટ દરમિયાન બેંગકોક વિઝન ડોક્યુમેન્ટ 2030 ને મંજૂરી આપવામાં આવશે અને ભવિષ્યની રણનીતિ ઘડવા માટે BIMSTEC પ્રતિષ્ઠિત વ્યક્તિઓ જૂથના અહેવાલને પણ મંજૂરી આપવામાં આવશે.

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી ગઈકાલે થાઈલેન્ડની બે દિવસની મુલાકાતે બેંગકોક પહોંચ્યા. તેમણે થાઇલેન્ડના પ્રધાનમંત્રી પેથાન્થન શિનોવાત્રા સાથે દ્વિપક્ષીય વાટાઘાટો કરી. બંને નેતાઓએ પરસ્પર સહયોગના વિવિધ મુદ્દાઓની સમીક્ષા કરી. રાજકીય, સંરક્ષણ અને સુરક્ષા ભાગીદારી, વ્યૂહાત્મક સંબંધો, વેપાર અને રોકાણ અને લોકો-થી-લોકોના સંપર્કો વધારવાના પગલાં અંગે ચર્ચા કરવામાં આવી. આરોગ્ય, વિજ્ઞાન અને ટેકનોલોજી, નવીનતા, ડિજિટલ ટેકનોલોજી, શિક્ષણ, સંસ્કૃતિ અને પર્યટન જેવા ક્ષેત્રોમાં સહયોગ વધારવા પર ભાર મૂકવામાં આવ્યો. બંને નેતાઓએ માનવ તસ્કરી, નશીલા પદાર્થોની હેરફેર અને સાયબર છેતરપિંડી સહિત સંગઠિત ગુનાઓનો સામનો કરવા માટે સહયોગ વધારવા પર પણ વિચાર કર્યો. આ ઉપરાંત, વૈશ્વિક મુદ્દાઓ પર પણ ચર્ચા કરવામાં આવી હતી અને BIMSTEC, ASEAN અને મેકોંગ ગંગા સહયોગ સહિત પ્રાદેશિક અને બહુપક્ષીય મંચો પર ક્રિયાપ્રતિક્રિયા વધારવાના પગલાંની પણ ચર્ચા કરવામાં આવી હતી.....1

# PM-THAILAND-2

શ્રી મોદી અને શ્રી શિનોવાત્રાની હાજરીમાં ભારત-થાઇલેન્ડ વ્યૂહાત્મક ભાગીદારી પર સંયુક્ત ઘોષણાપત્રનું આદાન-પ્રદાન કરવામાં આવ્યું. હાથશાળ અને હસ્તકલા, ડિજિટલ ટેકનોલોજી, સૂક્ષ્મ, નાના અને મધ્યમ ઉદ્યોગો અને દરિયાઈ સહયોગના ક્ષેત્રોમાં કરારો પર હસ્તાક્ષર કરવામાં આવ્યા હતા. બંને નેતાઓએ ભારત-થાઇલેન્ડ દૂતાવાસ સંવાદની શરૂઆતનું સ્વાગત કર્યું. આનાથી બંને દેશોના લોકો વચ્ચે વાતચીત વધશે.

BIMSTEC સમિટ પછી, પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી આજે તેમની મુલાકાતના બીજા તબક્કામાં શ્રીલંકાની મુલાકાત લેશે. શ્રીલંકાની તેમની ત્રણ દિવસની મુલાકાત દરમિયાન, તેઓ રાષ્ટ્રપતિ અનુરા કુમારા દિસાનાયકે સાથે દ્વિપક્ષીય વાટાઘાટો કરશે. રાષ્ટ્રપતિ પદ સંભાળ્યા પછી શ્રી દિસાનાયકે તેમની પહેલી વિદેશ યાત્રા પર ભારત આવ્યા હતા. પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીની શ્રીલંકાની આ ચોથી મુલાકાત હશે. બંને દેશો વચ્ચે ઐતિહાસિક અને સાંસ્કૃતિક સંબંધો છે, જે સમય જતાં વધુ મજબૂત બન્યા છે. ભારતની "પડોશી પ્રથમ" નીતિ હેઠળ શ્રીલંકાનું મહત્વનું સ્થાન છે.

. . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . .

# MID BREAK- NEWS- NATIONAL

આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો. આ સમાચાર આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ newsonair.gov.in/સ્લેશ/ગુજરાતી અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલો કરશો

**(ગોન્ગ મ્યુઝિક)**

..................................................................

# US-TARRIFS-IMPACTS

અમેરિકન પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પ દ્વારા ભાવ વધારવા અને અમેરિકા અને વિદેશમાં વૃદ્ધિ પર અસર કરવાની આગાહી કરાયેલા નવા ટેરિફની જાહેરાત કર્યાના એક દિવસ પછી વૈશ્વિક શેરબજારમાં ઘટાડો થયો છે. વોલ સ્ટ્રીટ જર્નલે અહેવાલ આપ્યો છે કે અમેરિકન બજારે માર્કેટ કેપમાં 2.7 ટ્રિલિયન ડોલરનું નુકસાન કર્યું છે. 2020 માં કોવિડ બાદ અર્થતંત્રને અસર પછીનો આ સૌથી ખરાબ દિવસ છે. દિવસની શરૂઆતમાં નાણાકીય બજારો એશિયાથી યુરોપમાં ગબડ્યા હતા. નાઇકી, એપલ અને ટાર્ગેટ મોટા ગ્રાહક નામોમાં સૌથી વધુ અસરગ્રસ્ત હતા, તે બધા નવ ટકાથી વધુ ડૂબી ગયા હતા. અને ટોક્યોના બેન્ચમાર્કમાં 2.8 ટકાના ઘટાડાથી એશિયામાં નુકસાન થયું હતું. ડાઉ જોન્સ લગભગ 4 ટકા નીચો બંધ થયો હતો, જ્યારે નાસ્ડેક લગભગ 6 ટકા ઘટ્યો હતો. તેલના ભાવ પ્રતિ બેરલ 2 યુએસ ડોલરથી વધુ ગગડી ગયા હતા.

વિશ્વ વેપાર સંગઠને જણાવ્યું હતું કે તે ખૂબ જ ચિંતિત છે, અંદાજ મુજબ આ વર્ષે વેપાર માં એક ટકાનો ઘટાડો થઈ શકે છે. વેપારીઓએ ચિંતા વ્યક્ત કરી હતી કે ટેરિફ ફુગાવાને વેગ આપી શકે છે અને વૃદ્ધિને અટકાવી શકે છે.

ચીને અમેરિકા પર આરોપ લગાવ્યો હતો અને યુરોપિયન યુનિયને "મજબૂત" પ્રતિ-પગલાંનું વચન આપ્યું હતું,. ચીનના વિદેશ મંત્રાલયના પ્રવક્તા ગુઓ જિયાકુને કહ્યું હતું કે વેપાર યુદ્ધો અને ટેરિફ યુદ્ધોમાં કોઈ વિજેતા નથી. યુરોપિયન કમિશનના પ્રમુખ ઉર્સુલા વોન ડેર લેયેને ટ્રમ્પના વેરાને "વિશ્વ અર્થતંત્ર માટે મોટો ફટકો" ગણાવીને નિંદા કરી હતી.લંડનમાં વ્યાપારી નેતાઓને કહ્યું કે તેઓ અમેરિકા સાથે વેપાર કરાર કરવાની આશા રાખે છે જેમાં ટેરિફ રદ કરવામાં આવશે.

આ દરમિયાન, ગઈકાલે વ્હાઇટ હાઉસથી ફ્લોરિડા જવા રવાના થતાં, ટ્રમ્પે આશાવાદી ટિપ્પણી કરી. તેમણે પત્રકારોને જણાવ્યું હતું કે અમેરિકન અર્થતંત્ર "તેજી" પામશે, કારણ કે તેઓ આયાત પર ઓછામાં ઓછા 10 ટકા ટેરિફ લાદવાના તેમના નિર્ણય પર અડગ છે, જે તેમના મતે ફેડરલ આવકને વેગ આપશે અને અમેરિકન ઉત્પાદનને ઘરે લાવશે.

. . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . .

# અને હવે આજના અખબારોના સમાચાર રજૂ કરે છે રિધ્ધિ ઉંધાડ.....

આજના તમામ મોટાભાગના અખબારોએ વક્ફ સુધારા બિલને સંસદમાં પસાર થયાંના સમાચાર અને અમેરીકાના રાષ્ટ્રપ્રમુખ ટ્રમ્પના નવા ટેરીફના સમાચારને હેડલાઈનમાં લીધા છે. ગુજરાત સમાચાર લખે છે વક્ફ સુધારા બિલને સંસદની મહોર: હવે કાયદો બનશે.... ટ્રમ્પના 27 ટકાના ટેરિફથી ભારતને રૂપિયા 1.20 લાખ કરોડથી વધુના ફટકાની ભીતિ....

દિવ્ય ભાસ્કરે પહેલા પાના પર લખ્યું ભારત પર ચીન કરતા અડધો ટેરિફ લાગુ, ફાર્મા- ઈલેક્ટ્રોનિકમાં આપણને રૂપિયા 2 લાખ કરોડનો લાભ..... આ સાથે જ લખ્યું છે કે કેન્દ્રએ કહ્યું નવા કાયદા વક્ફમાં પારદર્શિતા લાવશે, વિપક્ષે કહ્યું સરકાર મનમાની કરે છે....

સંદેશે પહેલા પાના પર મથાળું બાંધ્યું છે કે ડોનાલ્ડ ટ્રમ્પનો ટેરિફ બોમ્બ US બજારો ધડામ, 2 લાખ કરોડ ડોલર ધોવાયા.....

ફુલછાબે લખ્યુ છે કે રાજ્યસભામાં વક્ફ વિધેયકનો તારણબાર બન્યો BJD..... ટ્રમ્પના નવા ટેરિફ- દુનિયા ટેરિફાઈડ.....

રાજસ્થાન પત્રિકાએ પહેલા પાના પર લખ્યું છે કે અમરિકા ને લગાયા ટ્રમ્પ ટેરિફ, સજા યા ઉપહાર.... હો રહા હિસાબ કિતાબ....

નવગુજરાત સમયનું છેલ્લા પાનાનું શિર્ષક છે કડી અને વિસાવદરની પેટા ચૂંટણી 15 જૂન પહેલા સંપન્ન કરાય તેવી શક્યતા..

તમામ અખબારોમાં પીએફમાંથી ઓનલાઈન ઉપાડ માટે કેન્સલ ચેક, બેંક ખાતાના વેરિફિકેશનની જરૂર નથી તે સમાચારને પણ પહેલા પાનાં પર સ્થાન આપવામાં આવ્યું છે.

આ સાથે તમામ અખબારોએ ગરમીના સમાચારને પણ સ્થાન આપ્યું છે ..સંદેશ લખે છે કે અમદાવાદ સહિત રાજ્યમાં બે દિવસ બાદ તાપમાનનો પારો 43 ડિગ્રી વટાવશે... દિવ્ય ભાસ્કર લખે છે સૌરાષ્ટ્ર, કચ્છ, મધ્ય ગુજરાતમાં હીટવેવનું જોર, સુરેન્દ્રનગર સૌથી વધુ 43 ડિગ્રી ગરમી.. . . . . . . . . . . . . . . . . . . . . . . . .

# IPL

IPL ક્રિકેટમાં,આજે લખનૌ સુપર જાયન્ટ્સ અને મુંબઈ ઈન્ડિયન્સ વચ્ચે લખનૌમાં મેચ રમાશે.

ગઈકાલે રાત્રે IPL ક્રિકેટમાં, કોલકાતા નાઈટ રાઈડર્સે સનરાઈઝર્સ હૈદરાબાદને 80 રનથી હરાવ્યું. ૨૦૧ રનના લક્ષ્યાંકનો પીછો કરતા હૈદરાબાદ ૧૬ ઓવર અને ૪ બોલમાં ૧૨૦ રનમાં ઓલઆઉટ થઈ ગયું. હૈદરાબાદ તરફથી હેનરિક ક્લાસેને સૌથી વધુ 33 રન બનાવ્યા. કોલકાતા તરફથી વૈભવ અરોરાએ ત્રણ વિકેટ લીધી. તેમને પ્લેયર ઓફ ધ મેચ જાહેર કરવામાં આવ્યા

. . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . .